અપીલ અરજી નં.૩૧૮ તા.૨૧–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મનીષ એન ગીલીટવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનીષ એન ગીલીટવાલાની તા. ૧૨–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) માન સરોવર પાર્ટી પ્લોટ, જીમખાનાની બાજુમાં , પીપલોદ સ્થિત પાર્ટી પ્લોટમાં નદીપટનો કેટલો ભાગ કવર કરવામાં આવેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૮/૨૦૧૧–૧૨

શ્રી મનીષ એન ગીલીટવાલાની તા. ૧૨–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) માન સરોવર પાર્ટી પ્લોટ, જીમખાનાની બાજુમાં , પીપલોદ સ્થિત પાર્ટી પ્લોટમાં નદીપટનો કેટલો ભાગ કવર કરવામાં આવેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે તા. ૧૦–૮–૧૧ રોજના પત્ર નં. ૫૭૪થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૧૪ તા.૧૧–૧૦–૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને તેમને ૮ મુદ્દા પૈકી કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારીના મળેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરી જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૪૭ તા.૧૭–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ,મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૧૩ તા.૨૮–૭–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને મુદ્દા નં.૧ તથા ૫ થી ૮ માટે નિયત સમય અવધિ બાદ તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારી કલેકટર કચેરી સુરતના પત્ર નં.પીઆરઓ/આરટીઆઈ/આઈ.ડી. નં.૬૫૩ /૧૧ તા.૧૪–૭–૧૧ થી જાહેર માહિતી અધિકારી સીટી મામલતદાર, પનાસગામ, સુરત તથા જાહેર માહિતી અધિકારી જનસંપર્ક શાખા સુમપાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૭૪ તા.૧૦–૮–૧૧ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૪૬ તા.૨૬–૯–૧૧ થી તા.૨૮–૯–૧૧ ના રોજ અરજદારને રૂબરૂ સાંભળવા પાઠવેલ પત્રની નકલ, તા.૨૮–૯–૧૧ ના રોજ અરજદાર તથા તેમના પ્રતિનિધિ ધર્મેશ સોપારીવાલાએ ઈન્સ્પેકશન કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૨–૭–૧૧ થી અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી કલેકટર કચેરી, બહુમાળી બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારી કલેકટર કચેરી સુરતના પત્ર નં.પીઆરઓ/આરટીઆઈ/આઈ.ડી. નં.૬૫૩ /૧૧ તા.૧૪–૭–૧૧ થી જાહેર માહિતી અધિકારી સીટી મામલતદાર, પનાસગામ, સુરત તથા જાહેર માહિતી અધિકારી જનસંપર્ક શાખા સુમપાને તબદીલ કરવામાં આવેલ. મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૧૩ તા.૨૮–૭–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને મુદ્દા નં.૧ તથા ૫ થી ૮ માટે નિયત સમય અવધિ બાદ તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) માન સરોવર પાર્ટી પ્લોટ, જીમખાનાની બાજુમાં , પીપલોદ સ્થિત પાર્ટી પ્લોટમાં નદીપટનો કેટલો ભાગ કવર કરવામાં આવેલ છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી માંગ્યા મુજબની માહિતી અઠવાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ. મુદ્દા નં.(૨) નદીપટનો ભાગ પાર્ટી પ્લોટને ફાળવ્યો હોય તો તે કયા આધારે કાયદાની કઈ કલમની કઈ જોગવાઈ હેઠળ, કયા ઠરાવથી ફાળવવામાં આવેલ છે? (૩) માનસરોવર પાર્ટી પ્લોટની ૭/૧૨, ૮–અ–૬–અ ના ઉતારાની નકલો આપવી

તથા તેની માપણીનો નકશો આપવો. મુદ્દા નં.(૪) માન સરોવર પાર્ટી પ્લોટમાં જે નદી પટનો ભાગ આવેલ છે તેની માપણીનો નકશો પાર્ટી પ્લોટનો માપણી નકશો, પાર્ટી પ્લોટને નદીપટનો જે ભાગ ફાળવવા માટે થયેલ ઠરાવની તથા ફાળવણી પત્રની નકલ આપવી. મુદ્દા નં.(૫) સુરત મહાનગપાલિકાએ પાર્ટી પ્લોટનું આકારણી દફતરે આકારણીનો પ્રકાર ખુલ્લા પ્લોટ તરીકે કે કોમર્શીયલ પ્લોટ તરીકે દર્શાવેલ છે તે આકારણી પત્રની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજીમાં માંગ્યા મુજબની માહિતીની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) સુરત મહાનગપાલિકાએ પાર્ટી પ્લોટમાં પાણીના કનેકશન કેટલા અને કયા પ્રકારના આપેલા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર પ્લોટમાં સુરત મહાનગરપાલિકાએ પાણી કનેકશન આપેલ નથી. તેવું જણાવેલ છે મુદ્દા નં.(૭) સુરત મહાનગપાલિકાએ ડ્રેનેજ કનેકશન આપ્યું છે કે કેમ? જો નથી આપ્યું તો ડ્રેનેજના નિકાલ માટે ખાળ કુવાની વ્યવસ્થા પાર્ટી પ્લોટ ધારકે કરેલ છે કે કેમ? કે પછી ડ્રેનેજનો નિકાલ ડાયેરકટ જ તાપી નદીમાં કરવામાં આવે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર પ્લોટમાં સુરત મહાનગપાલિકાએ ડ્રેનેજ કનેકશન આપેલ નથી ડ્રેનેજના પાણીનો નિકાલ તાપી નદીમાં કરવામાં આવતો નથી. તેવું જણાવેલ છે મુદ્દા નં.(૮) સુરત મહાનગપાલિકાના આકારણી દફતરે કયારથી ખુલ્લો પ્લોટ કે કોમર્શીયલ પ્લોટ તરીકેની આકારણી કરવામાં આવે છે તેની આકારણી પત્રની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજીમાં માંગ્યા મુજબની માહિતીની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૧૭ તા.૨–૮–૧૧ થી મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી ટાઉન પ્લાનીંગના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કુલ –૮ પાનાની નકલ આપવાની થાય છે જે અંગે પ્રતિ નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૬/– ભરપાઈ કરી માહિતી મળી શકશે. તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૪૯૬૭૩૫ તા.૫–૮–૧૧ થી દસ્તાવેજી ફી રૂા.૧૬/– ભર્યેથીપત્ર નં.ટીપીડી/૨૮૯ તા.૨૯–૯–૧૧ થી માહિતી આપેલ છે. જયારે અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તેમના તા.૨૧–૯–૧૧ ના પત્રથી સુનાવણી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૭૪૬ તા.૨૬–૯–૧૧ થી " અરજદારને તા.૨૮–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક સુધીમાં રૂબરૂ સાંભળવાની તક આપવા માટે પત્રથી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તથા તેમના પ્રતિનિધિ શ્રી ધર્મેશ સોપારીવાલાએ તા.૨૮–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૧૫ કલાકે રૂબરૂ હાજર રહી ઈન્સ્પેકશન કરેલ. જેમાં જરૂરી માહિતી ની નકલ પાના નંગ–૦૧ નકલની માંગણી કરેલ જે પૂરી પાડવામાં આવેલ છે. રોજકામમાં અરજદાર હાજર રહયાનો ઉલ્લેખ છે. તથા તપાસણી બાદ પ્રતિનિધિએ સહી પણ કર્યાની નકલ અત્રે રજૂ થયેલ છે. વધુમાં અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૧૪ તા.૧૧–૧૦–૧૧ થી અરજદારને ૮ મુદ્દા પૈકી કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારીના મળેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરી જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે તા.૨૧–૯–૧૧ ની અપીલ બાદ તા.૨૮–૯–૧૧ ના રોજ તપાસણી મેળવેલ છે અને છતાં અપીલ તબકકે તક આપવા છતાં કોઈ નારાજગી રજૂ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી સુરત મહાનગપાલિકાના બંને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે આથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીગ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનીષ એન ગીલીટવાલા,